RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

✻Editor : Pradip A. Raval (Mo) 98246 53073 ✻ Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

✻Volume : 11 ✻ Issue No. 16 ✻Date: 05.11.2024,Tuesday ✻Page :04 ✻Rs. 1.00/- ✻Annual Rs. 351/-

## ઉત્તરાખંડમાં બસ અકસ્માતમાં ૩૬નાં મોત, ૬ ઘાયલ



ઉત્તરાખંડના અલ્મોડામાં સોમવારે સવારે ૮ વાગ્યે એક પેસેન્જર બસ ૧૫૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી. આ અકસ્માતમાં ૩૬ લોકોનાં મોત થયાં હતાં, જ્યારે ૬ લોકો ઘાયલ થયા હતા. આ અકસ્માત અલ્મોડાના કુપી પાસે થયો હતો. બસમાં ૪૨ મુસાફર સવાર હતા. પોલીસના જણાવ્યા અનુસાર મૃત્યુઆંક હજુ વધી શકે છે.કુમાઉ ડિવિઝનના કમિશનર દીપક રાવતે કહ્યું, 'આ અકસ્માતમાં ૩૬ મુસાફરનાં મોત થયાં છે.' બસ નદીથી લગભગ ૧૦ ફૂટ પહેલાં ઝાડમાં ફસાઈ જતાં અટકી ગઈ હતી. ખીણમાં પડી જતાં ઝટકાને કારણે ઘણા મુસાફરો બારીઓમાંથી બહાર ફેંકાઈ ગયા હતા. બસ કિનાથથી રામનગર જઈ રહી હતી.ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓફિસર વિનીત પાલે ભાસ્કરને જણાવ્યું હતું કે 'સોલ્ટ અને રાનીખેતથી બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. ૨૮નું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે ૮ લોકોનાં હોસ્પિટલમાં મોત થયાં હતાં દિવાળીની રજા બાદ સોમવાર પ્રથમ કામકાજનો દિવસ હતો, જેના કારણે બસ લોકોથી ખીચોખીચ ભરાઈ ગઈ હતી. એમાં મોટા ભાગના સ્થાનિક લોકો સવાર હતા. પોલીસે જણાવ્યું હતું કે બસ ગઢવાલ મોટર્સ ઓનર્સ યુનિયન લિમિટેડની હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે બસની હાલત ખૂબ જ ખરાબ હતી.બસ કિનાથથી રામનગર જઈ રહી હતી, જેમાં મોટા ભાગના સ્થાનિક લોકો સવાર હતા. કુપીની નજીક ડ્રાઈવરે બસ પરનો કાબૂ ગુમાવ્યો હતો ને લગભગ ૧૫૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી. અકસ્માતમાં બસને ભારે નુકસાન થયું હતું.પોલીસે જણાવ્યું હતું કે બસ ગઢવાલ મોટર્સની હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે બસ ઘણી જૂની હતી. હાલ અકસ્માત પાછળના કારણની તપાસ કરવામાં આવી રહી છે. પહેલી પ્રાથમિકતા ઘાયલોને બચાવવાની છે. સીએમ પુષ્કર સિંહ ધામીએ પણ દુર્ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે અધિકારીઓને ઝડપથી રાહત અને બચાવ કામગીરી હાથ ધરવા સૂચના આપી હતી.તપાસના આદેશ, છઈ્ સસ્પેન્ડ સીએમ પુષ્કર સિંહ ધામીએ મૃતકોનાં પરિવારજનોને ૪ લાખ રૂપિયા અને ઘાયલોને ૧ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે. કમિશનરે કુમાઉ ડિવિઝનને આ ઘટનાની મેજિસ્ટ્રિયલ તપાસ કરવા સૂચના આપી હતી. પૌરી અને અલ્મોડાના છઈ્ને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.બસ ખીણમાં પડતાં અનેક મુસાફરો બસમાંથી બહાર પટકાયા હતા અને દૂર પડ્યા હતા. અલ્મોડા એસપી ઘટનાસ્થળે પહોંચી ગયા છે. નૈનિતાલથી પણ પોલીસ ફોર્સ રવાના કરવામાં આવી હતી. જીઢ્ઢઈહ્લની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

ઘાયલોને હાલ રામનગર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ત્યાંથી ગંભીર ઈજાગ્રસ્તોને એરલિફ્ટ કરીને હલ્દવાની ખસેડવામાં આવશે. કેટલાક ઘાયલોને ઋષિકેશ એઈમ્સમાં મોકલવામાં આવ્યા છે તેમજ નિષ્ણાત ડૉક્ટરોની ટીમને પણ હેલિકોપ્ટર દ્વારા રામનગર હોસ્પિટલ મોકલવામાં આવી છે. સીએમ ધામી બેઠક છોડીને દિલ્હીથી ઉત્તરાખંડ જવા રવાના થયા અકસ્માત બાદ સીએમ ધામી અને સાંસદ અનિલ બલુની ઉત્તરાખંડ જવા રવાના થયા હતા. તેઓ ભાજપની એક મોટી બેઠકમાં હાજરી આપવા દિલ્હી ગયા હતા. અહીં કમિશનર દીપક રાવતે કહ્યું- ૪ ગંભીર રીતે ઘાયલોને હેલિકોપ્ટર દ્વારા AIIMSમાં દાખલ કરવામાં આવ્યા છે.

## ગાંધીનગરમાં પરિણીત પ્રેમીએ લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરી પ્રેમિકાને તરછોડી




ગાંધીનગરનાં પેથાપુર પોલીસ મથકની હદ વિસ્તારમાં પરણિત યુવાને ગામની યુવતીને પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી શારિરીક શોષણ કરે રાખતા ગર્ભ રહી ગયો હતો. બાદમાં યુવતીએ પૂરા મહિને બાળકને જન્મ આપતા પ્રેમીએ છેલ્લે હાથ અદ્ધર કરી લીધા હતા. આ સમગ્ર મામલે પેથાપુર પોલીસ મથકમાં પ્રેમી વિરુદ્ધ દુષ્કર્મનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ગાંધીનગરના પેથાપુર પોલીસ મથકની હદ વિસ્તારના એક ગામમાં રહેતા શ્રમજીવી પરિવારની ૨૪ વર્ષીય કુંવારી દીકરીએ બાળકને જન્મ આપતાં ગામના પરણિત યુવાન વિરુદ્ધ દુષ્કર્મનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પરણિત યુવાન અને યુવતી એક જ ગામમાં રહેતા હોવાથી અઢી એક વર્ષ અગાઉ એકબીજાના સંપર્કમાં આવ્યા હતા. ધીમે ધીમે બંને વચ્ચે મુલાકાતનો દોર શરૂ થતાં બંને ગાઢ પ્રેમમાં પડ્યા હતા.

આ દરમ્યાન પરણિત યુવાન પ્રેમિકાને લગ્ન કરવાના વાયદાઓ કરી શારીરિક શોષણ કરતો હતો. યુવતી લગ્નની વાત કરે તો યુવક કોઈને કોઈ બહાનું બતાવી ને વાત ટાળી દેતો હતો. સમય જતાં યુવતી ગર્ભવતી થઈ હતી. એ વખતે પણ પ્રેમીએ લગ્ન કરવાનો વાયદો કર્યો હતો.

આમને આમ નવ મહિને યુવતીએ બાળકને જન્મ આપ્યો હતો. જે પછી પરણિત યુવકે પ્રેમિકાને સ્વીકારવાની ઘસીને ના પાડી દઈ તરછોડી દેવામાં આવી હતી. પોતે પ્રેમીનાં વિશ્વાસે કુંવારી માતા બની ચૂકી હોવા છતાં પ્રેમીએ હાથ અધ્ધર કરી લીધા હતા. આખરે ૨૪ વર્ષીય કુંવારી માતાએ પરણિત પ્રેમી વિરુદ્ધ ફરીયાદ આપતા પેથાપુર પોલીસે દુષ્કર્મનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ગુમ થયેલો સગીર મળી આવ્યોઃગાંધીનગરથી પૈસા કમાવવા સગીર રાજસ્થાન પહોંચ્યો હતા

ગાંધીનગરમાંથી ૨૫ મી ઓક્ટોબરનાં રોજ વહેલી પરોઢિયે પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં રનિંગ અર્થે જવાનું કહીને ઘરેથી નીકળેલો સગીર ગુમ થઈ જતાં અપહરણનો ગુનો નોંધવામાં આવ્યો હતો. જે મામલે ઘનિષ્ઠ તપાસ હાથ ધરી સેકટર - ૨૧ પોલીસ સ્નેપચેટનાં માધ્યમથી છેક રાજસ્થાનથી સગીરને હેમખેમ પરત લઈ આવી છે. જેની પૂછતાંછમાં પૈસા કમાવવા માટે ગૃહ ત્યાગ કર્યું હોવાનું બહાર આવ્યું છે. સગીરનું મુખ્યમંત્રીનાં હસ્તે ભૂતકાળમાં સન્માન પણ કરવામાં આવ્યું હોવાનું તપાસમાં આવ્યું છે.ગાંધીનગરના સેક્ટર - ૨૩માં રહેતા પરિવારનો ૧૬ વર્ષીય નાનો દીકરો સ્કૂલમાં ધોરણ - ૧૨ માં અભ્યાસ કરે છે. ગત તા. ૨૫ ઓક્ટોબરના પરિવારજનો ઘરે સૂઈ રહ્યા હતા. એ વખતે સગીર સવારના ચારેક વાગે જાગ્યો હતો. અને તેના પિતાને રનિંગ કરવા માટે જતો હોવાનું કહીને ઘરેથી મોબાઈલ લઈને નિકળ્યો હતો. રાબેતા મુજબ તે સેકટર - ૨૭ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે રનિંગ માટે જતો હતો અને સાડા પાંચેક વાગ્યાની આસપાસ પરત ઘરે આવી જતો હતો. જો કે, ૨૫ ઓક્ટોબરે સવારના સાત વાગ્યા સુધી સગીર ઘરે પરત ફર્યો ન હતો. દિવાળી ટાણે જ સગીર ભેદી રીતે ગુમ થઈ જતાં સેકટર - ૨૧ પોલીસ મથકે અપહરણનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. અને મામલાની ગંભીરતા લઈ પીઆઈ પી આર ચૌધરીનાં નેતૃત્વમાં પીએસઆઇ નીકુલ મારુએ તપાસ શરૂ કરી હતી.આ અંગે તપાસ અધિકારીએ કહ્યું કે, ૨૫ ઓક્ટોબરે ગુનો દાખલ થતાં જ ટેકનિકલ સર્વેલન્સ શરૂ કરી દેવાયું હતું. જેમાં સગીરનો મોબાઈલ સ્વીચ ઓફ આવતો હતો. પરંતુ તે સ્નેપચેટ ઉપર ફોટા શેર કરતો હતો. જેની તપાસ કરતા રાજસ્થાનનાં સાંચોરનું પગેરૂ મળ્યું હતું અને હું અને કોન્સ્ટેબલ દેવેન્દ્રસિંહ ચાવડા કાળી ચૌદશની




રાતે જ રાજસ્થાન પહોંચી ગયા હતા. જ્યાં ટી સ્ટોલનું વાઈફાય કનેક્ટ કરીને સગીર નેટ ઉપયોગ કરતો હોવાનું જાણવા મળ્યું હતું. બાદમાં સગીર ટી સ્ટોલ ઉપર આવતા જ તેને ગાંધીનગર લઈ આવ્યાં હતા.વધુમાં તપાસ અધિકારીએ ઉમેર્યું કે, સગીરને ધોરણ - ૧૦ માં ૯૩ ટકા, ધોરણ - ૧૧ માં ૯૫ ટકા આવ્યા હતા. હાલમાં ધોરણ - ૧૨ માં અભ્યાસ કરતો સગીર પૈસા કમાવવા રાજસ્થાન પહોંચી ગયો હતો. જ્યાં દરબાર ગઢ ખાતે મજૂરોની થતી હરાજીમાં જોડાઈ ગયો હતો અને બે દિવસ મજૂરી કરી ૧૦૦૦ રૂપિયા પણ કમાયો હતો. પરંતુ દિવાળીના કારણે દરબાર ગઢ બંધ થઈ જતાં બસ સ્ટેન્ડ સૂઇ જઈ ટી સ્ટોલ ખાતે આવતો અને વાઈફાઈનો ઉપયોગ કરતો હતો.

## પોલીસ ભવન ખાતે યોજાયો નૂતન વર્ષ સ્નેહ મિલન કાર્યક્રમ



રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને પાઠવી શુભેચ્છા

પોલીસ ભવન ખાતે રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયની વિશેષ ઉપસ્થિતિમાં નૂતન વર્ષ નિમિત્તે આજે સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.શ્રી વિકાસ સહાયે પોલીસ ભવન ખાતે ફરજ બજાવતા તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ઉચ્ચ પોલીસ અધિકારીશ્રીઓ તેમજ પોલીસ ભવન ખાતે ફરજરત સૌ કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા.

## વર્ષ ૧૯૫૧માં રૂ.૯૮માં મળતું સોનું ૮૦ હજારને પાર : ૭૪ વર્ષમાં ૮૨૦ ગણો ભાવ વધ્યો

ઓલ્ડ ઈઝ ગોલ્ડ.. વિશ્વ આખામાં દરેક લોકોના મોઢે આ શબ્દ તો જરૂર સાંભળવા મળ્યો જ હશે. ઓલ્ડ ઈઝ ગોલ્ડ શું કામ કહેવામાં આવ છે તે જાણીને તમને પણ નવાઈ લાગશે. કારણ કે, છેલ્લાં ૭૪ વર્ષમાં સોનાએ લોકોને ૮૨૦ ગણું વળતર આપ્યું છે. એટલે કે વર્ષ ૧૯૫૧માં ૯૮ રૂપિયા કિંમતમા ૧૦ ગ્રામ સોનું મળતું હતું. જે આજે ૨૦૨૪માં ૮૨૦ ગણું વધીને ૮૦,૦૦૦ને પાર પહોંચી ગયું છે.

સોનાના ભાવમાં થતા સતત વધારા પાછળનું મુખ્ય કારણ મધ્ય પૂર્વના દેશોમાં યુદ્ધની સ્થિતિ, ફેડરલ રિઝર્વ દ્વારા



વ્યાજદરમાં ઘટાડા અને વિશ્વની બેન્કો દ્વારા ગોલ્ડની સતત ખરીદી માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, મોટાભાગે સોનાની કિંમતમાં વધારો જ થતો હોય છે. ભાવ ઘટ્યો હોય તેવું સતત ૫ વર્ષ સુધી જોવા મળ્યું હતું. એટલે કે વર્ષ ૨૦૧૨થી ૨૦૧૭ સુધી સોનાની કિંમતમાં ઘટાડો જોવા મળ્યો હતો અને પછી ફરી ૨૦૧૮થી સોનાની કિંમતમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા એ વર્ષની જ વાત કરવામાં આવે તો છેલ્લા એક વર્ષમાં સોનાની અંદર ૩૬% જેટલો ભાવવધારો જોવા મળ્યો છે.

અમીર હોય કે ગરીબ, પુરુષ હોય કે સ્ત્રી, ગુજરાતી હોય કે પંજાબી કે પછી વિદેશની કોઈપણ ધરતીમાં રહેતો માનવી હોય. દરેકને માટે સોનું એ ઘરેણું છે. ન માત્ર ભારત પરંતુ વિશ્વ આખામાં સોનાની ખરીદી અને સંગ્રહ કરવાનો એક ટ્રેન્ડ છે. સોના-ચાંદીનાં ઘરેણાં એ સલામત માનવામાં આવે છે. માટે દરેક લોકો પોતાના અને પોતાના પરિવાર માટે સોના-ચાંદીનાં ઘરેણાંની ખરીદી કરતા હોય છે. તેમાં પણ ભારત અને ગુજરાતમાં ખાસ લગ્ન પ્રસંગ સહિત સામાજિક પ્રસંગોમાં આભૂષણ આપવાની પ્રથા વર્ષોથી ચાલી આવે છે. માટે અન્ય દેશોની સરખામણીએ ભારત દેશમાં સોનાનું માર્કેટ ખૂબ જ મોટું છે. આજના સમયમાં સોનાની જેમ ડાયમંડ, પ્લેટિનમ જેવી ધાતુ અને જમીન-મકાનમાં પણ મૂડીરોકાણ લોકો કરતા હોય છે.

## તંત્રી સ્થાનેથી..

# સ્માર્ટફોન દ્વારા હિન્દુ આસ્થાનો ડિજિટલ ઉદય

ભારતીય મૂળની ખુશ્બૂ (નામ બદલ્યું છે) આ દિવસોમાં દુબઈમાં છે અને બે મહિનાથી ‘શ્રી મંદિર‘ એપ સાથે જોડાયેલી છે. એપમાંથી એક જ્યોતિષની સલાહ પર તેણે ભારતભરના મંદિરોમાં વર્ચ્યુઅલ પૂજાઓનું આયોજન કર્યું છે. આ એપ ૮૯૧ રૂપિયામાં ઉપલબ્ધ છે. તે ભારત અથવા વિદેશના ભક્તોને કોઈપણ મંદિરમાં વર્ચ્યુઅલ પૂજા કરવાની મંજૂરી આપે છે. વામા એપ પર રૂ. ૧૦૧. અયોધ્યામાં દીવાનું દાન કરવાની સુવિધા છે.

આ વિશ્વાસ આધારિત એપ્સ ભારતના સ્ટાર્ટઅપ લેન્ડસ્કેપમાં એક નવું પરિમાણ ઉમેરી રહી છે. તેમનો ઉદ્દેશ્ય ભારત સહિત વિશ્વભરમાં રહેતા ૧૧૦ કરોડથી વધુ હિન્દુઓને આકર્ષવાનો છે. વામાના સહ-સ્થાપક મનુ જૈન કહે છે, ‘આ પ્રકારની સેવાઓનો વધારો એ સ્માર્ટફોનના ઝડપી પ્રસારનું પરિણામ છે. જો કે, ખ્રિસ્તી અને મુસ્લિમ ધાર્મિક સ્ટાર્ટઅપ આંકડામાં ઘણા આગળ છે.

ખ્રિસ્તીઓને ધાર્મિક સેવાઓ પૂરી પાડતી ‘યુ વર્ઝન બાઈબલ‘ એપ્લિકેશન ૭૨૫ મિલિયન ડાઉનલોડ્સ છે અને ‘મુસ્લિમ પ્રો‘ ૧૦૦ મિલિયન ડાઉનલોડ્સ ધરાવે છે. આ સુપર-એપ્સને મેચ કરવા માટે હિન્દુ સ્ટાર્ટઅપ્સને ઘણી લાંબી મજલ કાપવાની છે. હિંદુ સ્ટાર્ટઅપ્સ પાસે દેવી-દેવતાઓની પૂજા કરવાનો વિકલ્પ ઉપલબ્ધ કરાવવાની સુવિધા છે. તેથી, તેમની પાસે શ્રદ્ધાની મોટી લહેર લાવવાની શક્તિ છે.

આ બિઝનેસ મોડલનો આધાર ઊંડી અને વધતી જતી ધાર્મિકતા છે. પોલસ્ટર ગેલપ દ્વારા ૨૦૨૩ ના સર્વે અનુસાર, ૮૦% ભારતીયો ધર્મને જીવનનો મહત્ત્વપૂર્ણ ભાગ માને છે. વૈશ્વિક આંકડો ૬૩% છે.

૧ હજાર સ્ટાર્ટઅપ ધાર્મિક હેતુઓ માટે મદદ કરી રહ્યા છે ડેટા પ્રદાતા ટ્રૅક્સન અનુસાર, દેશમાં એક હજાર વિશ્વાસ આધારિત ભારતીય સ્ટાર્ટઅપ્સ છે. તેઓ ધાર્મિક સેવાઓની ઍક્સેસ ઉપરાંત ફોન પર પૂજા, ભક્તિમય સંગીતની ધૂન અને વ્યક્તિગત જન્માક્ષર મેચિંગ પર સ્ક્રીન પર ફૂલ અર્પણ જેવી સેવાઓ પ્રદાન કરે છે.

# ‘મુસ્લિમોને નુકસાન થયું તો...’ વક્ફ બિલ મુદ્દે ચંદ્રબાબુ નાયડુ અને નીતિશ કુમારને ચેતવણી



**જમિયત-ઉલેમા-એ-હિંદના પ્રમુખ મૌલાના અરશદ મદનીએ રવિવારે (૩ નવેમ્બર ૨૦૨૪) વક્ફ બોર્ડના સુધારા પર તેમની પ્રતિક્રિયા આપી હતી. દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડિયમમાં જમિયત-ઉલેમા-એ-હિંદના બંધારણ સંરક્ષણ સંમેલનની અધ્યક્ષતા કરતી વખતે મૌલાના અરશદ મદનીએ કહ્યું, "દેશમાં વર્તમાન માનસિકતા સાંપ્રદાયિક છે. વકફ બિલ એક મહત્ત્વપૂર્ણ મુદ્દો છે. હું બિહારના સીએમ નીતીશ કુમાર અને ચંદ્રબાબુ નાયડુને આમંત્રણ આપું છું, કે મુસ્લિમોની ભાવનાઓ આ સાથે કેટલી જોડાયેલી છે, તે તેઓ બંગલામાં બેસીને ક્યારેય નહીં સમજી શકે."**

**કેન્દ્રમાં સત્તામાં રહેલા ટીડીપીના વડાનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું, "હું નાયડુનો આભાર માનું છું. ભાજપની સરકારને દેશની જનતાએ હરાવી છે, પરંતુ બે આધારે ભાજપની સરકાર બેઠી છે. નવાબ જાન, નાયડુ સાહેબે ટીડીપીના ઉપાધ્યક્ષને અહીં મોકલ્યા છે, જે અહીંની સ્થિતિ વિશે તેમને જણાવશે. આ મહિનાના અંતે અમે ૧૫ ડિસેમ્બરે નાયડુના વિસ્તારમાં ૫ લાખ મુસ્લિમોને એકઠા કરીશું."**

**અરશદ મદનીએ્ હૃ અને જેડીયુને ચેતવણી આપતાં કહ્યું કે, જો આ કાયદો પસાર થશે, તો પછી જે આધારે દેશમાં ભાજપનું શાસન ચાલી રહ્યું છે, તેમાં તેમની પણ જવાબદારી ગણાશે. આ બિલની અંદર ઝેર ભરેલું છે જે મુસ્લિમોને નુકસાન પહોંચાડશે. જમિયત-ઉલેમા-એ-હિંદનો દાવો છે, કે ૨૪મી નવેમ્બરે વકફ સંશોધન બિલ વિરુદ્ધ જમિયત દ્વારા પટનામાં એક મોટી રેલીનું આયોજન કરવામાં આવશે. જેમાં બિહારના સીએમ નીતિશ કુમાર પણ સામેલ થશે.**

**ઉલ્લેખનીય છે કે, આ પહેલા શનિવારે (૨ ઓક્ટોબર ૨૦૨૪) ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લૉ બોર્ડ (છૈૈંસ્ન્મ) એ કહ્યું હતું કે, જો મુસ્લિમો બિલમાં સુધારા ઈચ્છતા નથી, તો તેને એક સાઈટમાં મૂકી દેવું જોઈએ. છૈૈંસ્મ્ના જનરલ સેક્રેટરી મૌલાના મોહમ્મદ ફઝલુરરહીમ મુજાદીદીએ બેંગલુરુમાં એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા કહ્યું કે, માત્ર ૧૩ દિવસમાં ૩.૬૬ કરોડથી વધુ મુસ્લિમોએ ઈમેલ દ્વારા વકફ સુધારા બિલ સામે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો છે. જ્યારે મુસ્લિમોને આ બિલ જોઈતું નથી તો સરકારે તેની અવગણના કરવી જોઈએ.**

# ભાવનગરના ડોક્ટર શિવરાજ લાખાણીના હત્યારાની ધરપકડ કરવામાં આવી

ભાવનગર,

ભાવનગરમાં વરતેજમાં ડોક્ટર શિવરાજ લાખાણીની ત્યાં જ રહેતા પ્રકાશ રાજુ ખોખર, ભાવેશ ઉર્ફે ભાવિન પંડ્યા, કિશન ઉર્ફે કે.પી. ડગલા, રિતેશ ઉર્ફે ભાલુ ખેસ્તી, દેવ ઉર્ફે અગુ ચુડાસમા તથા અન્યોએ લાકડીઓ વડે માર માર્યા પછી છરીના ઘા મારી હત્યા કરી હતી. ભાવનગરમાં વરતેજમાં ડોક્ટર શિવરાજ લાખાણીની ત્યાં જ રહેતા પ્રકાશ રાજુ ખોખર, ભાવેશ ઉર્ફે ભાવિન પંડ્યા, કિશન ઉર્ફે કે.પી. ડગલા, રિતેશ ઉર્ફે ભાલુ ખેસ્તી, દેવ ઉર્ફે અગુ ચુડાસમા તથા અન્યોએ લાકડીઓ વડે માર માર્યા પછી છરીના ઘા મારી હત્યા કરી હતી. શુક્રવારે બપોરે ૧:૦૦ વાગ્યાના સુમારે એરપોર્ટ, યોગીનગરમાં રોડ, ભાવનગરમાં ડોક્ટરની છરીના ઘા મારી હત્યા કરવામાં આવતા ચકચાર મચી ગઈ હતી.. પોલીસે હત્યા કરનાર સગીર સહિત છ આરોપીઓની ધરપકડ કરી છે. ૨૪ વર્ષીય કહાન લાખાણીએ ઘોઘરોડ પોલીસ સ્ટેશનમાં મ્દ્વજીની કલમ ૧૦૩(૧), ૧૧૮(૧), ૧૯૦, ૧૯૧(૨) હેઠળ કેસ નોંધ્યો છે. કહાન લાખાણીએ પોલીસને આપેલી ફરિયાદમાં જણાવાયું છે કે, ‘‘દિવાળીની રાત્રે, તે અને તેનો મિત્ર કિશન ડીઝલ ભરવા માટે તેમની કિયા સેલ્ટોસ કારમાં ઘરેથી નીકળ્યા હતા, તેથી જ્યારે મેં કારનું હોર્ન વગાડ્યું અને તેમને બાજુમાં હટવા માટે કહ્યું હતું. તેના લીધે તેઓ બધા ગુસ્સે થયા. આ પછી તે બધા મારી કાર પાસે આવ્યા અને અપશબ્દો બોલવા લાગ્યા તેઓએ મને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેના પછી તીક્ષ્ણ હથિયારો લાવી કાર પર પથ્થરમારો કરી કારના કાચ તોડી નાખ્યા હતા. તેમજ ભાવિન ઉર્ફે ભાવિન પંડ્યાએ લોખંડના સળિયા વડે કહાન લાખાણીના માથા અને મોઢામાં ઈજા પહોંચાડી હતી, જેથી કહાને તેના પિતાને બોલાવ્યા હતા, આરોપીઓએ તેના પિતા શિવરાજ લાખાણીને ઢીકા પાટુનો માર માર્યો હતો. તેના પછી રિતેશ ઉર્ફે ભાલુને પોતાની પાસે રાખેલ છરી વડે છાતીમાં જીવલેણ ઘા મારીને હત્યા કરી નાખી હતી.

# વડોદરામાં એક કાર ચાલક નશામાં કાર ચલાવતો હોવાનાં કારણે લોકોના જીવ જોખમમાં મુક્યા

વડોદરા,

સમગ્ર ઘટના અંગે પોલીસ કંટ્રોલરૂમમાં જાણ કરવામાં આવતા પીસીઆર વાન આવી પહોંચી હતી વડોદરામાં ગઈ કાલે સુભાનપુરા વિસ્તારમાં પૂર ઝડપે જઈ રહેલી કાર પલ્ટી ખાઈ ગઈ હતી. બાદમાં ઘટનાસ્થળે લોકોનું મોટુ ટોળુ એકઠું થઊ ગયું હતું જેમાં તેમને કારમાં બેઠેલા યુવકો સાથે બોલાચાલી થઈ હતી. સુભાનપુરા વિસ્તારમાં આવેલા ડોમિનોઝ પિત્ઝા સામે અકસ્માતનો આ બનાવ બન્યો હતો. કારમાં સવાર યુવકો નશાની હાલતમાં હોવાની વાત સામે આવી છે. તો બીજી તરફ કારમાંથી દારૂની બે બોટલ પણ મળી આવી હતી. સમગ્ર ઘટના અંગે પોલીસ કંટ્રોલરૂમમાં જાણ કરવામાં આવતા પીસીઆર વાન આવી પહોંચી હતી. આ ઘટનામાં પોલીસે કાર માલિક સહિત ચાર લોકોની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે, જો કાર પલટી ન હોત તો ચોક્કસ તથ્ય વાળી થાત!આકાશ ઈશ્વરભાઈ વસાવા પોલીસ તપાસ દરમિયાન ગાડીમાંથી દારૂની ૧ બોટલ મળી આવી હોવાથી ગાડી માલિક આકાશ વસાવા વિરુદ્ધમાં દારૂની સેવના અને મુદ્દામાલ રાખ્યા બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સાથે જ ગાડી ચાલક અને માલિક સિવાયના કારમાં સવાર બે યુવક વિરુદ્ધમાં દારૂનું સેવન કરેલ હોવાથી તેમના વિરુદ્ધમાં પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.ગોરવા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ગતરાત્રે કંટ્રોલરૂમ તરફથી વર્ધિ મળી કે ડોમિનોઝ પિત્ઝાની સામે એક કાર પલટી ખાઇ ગઇ છે. તે બાદ નાઈટ રાઉન્ડમાં પેટ્રોલિંગમાં તૈનાત પોલીસ સ્થળ પર પહોંચી હતી. તે સમયે કાર પલટી ખાઇ ગઇ હતી અને કારમાં સવાર યુવકો અને કેટલાક લોકો વચ્ચે ખેંચા-ખેંચી થઇ રહી હતી. બાદમાં કારચાલક સહિતનાને પોલીસ છોડાવીને ગોરવા પોલીસ મથક લઈ ગઈ હતી.પોલીસ સ્ટેશનમાં તેઓનું નામ પૂછતા રાહુલ રાકેશભાઇ કુશ્વાહા અને રોહન રાકેશાઇ કુશ્વાહા હોવાનું જણાવ્યું હતું. તેણે તોતડાતી જીભે કહ્યું કે, તે પોતે આકાશ ઈશ્વરભાઈ વસાવા, ફાલ્ગુન સતિષભાઈ રાઠોડ અને રોહન ઈનઓર્બિટ મોલ પાસેથી નાસ્તો લઈને રેસકોર્ષ જવા માટે નીકળ્યા હતા. તેવામાં રસ્તામાં ગાડી રોકીને આકાશે ઈંગ્લીશ દારૂની બોટલ કાઢી હતી, જેમાંથી બે યુવકે દારૂ પીધો હતો

# અમદાવાદમાં ખાડિયાની આંગડિયાનો કર્મચારી ૬૦ લાખના સોનાના પાર્સલ લઈ ફરાર થયો

અમદાવાદ,

ખાડિયામાં આવેલી આંગડિયા પેઢીમાં નોકરી કરતો કર્મચારી જ્વેલર્સના ત્યાંથી રૃા. ૫૯.૭૭ લાખના સોનાના પાર્સલ લઈને નાસી ગયો હતો જે પાંચ પાર્સલ મુંબઈ મોકલવાના હતા ઓફિસના બીજા કર્મચોરીએ વાહનની જરુર હોવાનું કહીને કહીને આરોપીને ફોન કરતાં તેણે આવું છું કહીને મોબાઈલ સ્વીચ ઓફ કરી દીધો હતો આરોપી કંપનીનું વાહન પણ લઈ જતો રહ્યો હતો. આ બનાવ અંગે ખાડિયા પોલીસે તેની સામે વિશ્વાસઘાત સહિતની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સુરતના વતની અને ખાડિયામાં આંગડિયા પેઢી ધરાવતા વૃદ્ધે ખાડિયા પોલીસ સ્ટેશનમાં અમરાઈવાડીમાં રહેતા કર્મચારી સામે ફરિયાદ નોંધાવી છે તે તેમની આંગડિયા પેઢીમાં પાર્લરની ડિલીવરી કરવાનું કામકાજ કરતો હતો. ગત તા.૨૮-૦૮-૨૪ના રોજ આરોપી કંપનીનું વાહન અને કંપનીનો મોબાઈલ લઈને કુબેનગર ખાતે જ્વેલર્સના ત્યાં સોનાનું પાર્સલ આપવા ગયા હતો અને ત્યાંથી સોનાના પાર્સલ લઈને નીકળ્યો હતો જેમાં એક પાર્સલ તેણે માણેકચોક ખાતે આપ્યું હતું જ્યારે રૃા. ૫૯,૭૭,૦૩૯ના પાંચ પાર્સલ લઈને નાસી ગયો હતો. ઓફિસના કર્મચારીએ વાહનની જરુર હોવાની વાત કરતો આરોપીએ થોડીવારમાં આવું કહ્યું હતું જો કે આરોપી આજદિન સુધી પરત આવ્યો ન હતો.

# યોગાસનનો નિયમિત અભ્યાસ થી ડાયાબિટીસ રોગને જડમૂળમાંથી નાબૂદ કરી શકે છે



આહવા

મળતી માહિતી મુજબ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ગાંધીનગર દ્વારા ડાયા બિટીસ મુક્ત ગુજરાત અભિયાન ચલાવશે. જેના ભાગ રૂપે ડાંગ જિલ્લાના પ્રયોશા લોક વિજ્ઞાન કેન્દ્ર આહવા ખાતે જિલ્લા યોગ કો ઓર્ડીનેટર કું. પ્રિયંકાબેન ભોયે ૧૪ નવેમ્બર થી ૨૮ નવેમ્બર સુધી ડાયાબિટિસ ના દર્દીઓ માટે ૧૫ દિવસીય યોગ શિબિર નું આયોજન થશે અને ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ની રચના કરાઈ છે જેના ભાગ રૂપે યોગ દ્વારા ડાયા બિટીસ મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત ડાંગ જિલ્લા ના ત્રણ તાલુકા માંથી ડાયાબિટીસ ગ્રસ્ત આ શિબિર માં જોડાઈ શકે છે. અને તેઓ એ ઑનલાઇન રજીસ્ટ્રેશન કરાવવાનું રહશે જેની અવધી ૧૦ નવેમ્બર સુધી ની છે રજીસ્ટ્રેશન થયેલ તમામ નું ડાયાબિટીસ નિષ્ણાત તબીબો દ્વારા ડાયાબિટીસ પરીક્ષણ કરવામાં આવશે, ૧૫ દિવસીય શિબીર દરમિયાન યોગ ધ્યાન આસન પ્રાણાયામ તો હશે જ ઉપરાંત પ્રાકૃતિક ચિકિત્સા દ્વારા ડાયા બિટીસ નું નિદાન પણ કરવામાં આવશે.આ શિબીર ના કેટલાક નિયમો નું ચુસ્ત પણે પાલન કરવાનું રહશે, રોજ સવારે ૬:૦૦ થી ૮:૦૦ અભ્યાસ માટે સ્થળ પર હાજર થવાનું રહશે.બીજી કોઈ બીમારી કે તકલીફ હોય તેના રિપોર્ટ સાથે આયોજકો ને જાણ કરવાની રહશે. આ શિબીર અંગે વધુ માં જી. યોગ. કો ઓર્ડીનેટર દ્વારા ગાઢવી પ્રાથમિક સારવાર કેન્દ્ર માં સ.મ.મ.જી. હૃ. રેણુકાબેન ચૌધરી સાથે મુલાકાત કરી અને તમામ ઝ.ૐ઼. સાથે મીટીગ કરી દર્દીઓ ની યાદી મેળવી હતી. આ ઉપરાંત તેઓ રેફરલ હોસ્પિટલ વઘઈ થી પણ યાદી મેળવી લીધી હતી.

યોગ દ્વારા દરેક લોકો ડાયાબિટીસ મુક્ત થઈ શારિરીક માનસિક તેમજ આધ્યાત્મિક વિકાસ થાય ઉપરાંત જીવન ભર ગોળીઓ માંથી મુક્ત થઈ નોર્મલ જીવન જીવે તેવો ગુજરાત રાજ્ય યોગ બોર્ડ નો ઉદેશ છે. ઓનલાઇન રજિસ્ટ્રેશન માટે જિલ્લા યોગ કો ઓર્ડીનેટર નો સંપર્ક કરી લિંક મેળવી શકો છો.

# ગુજરાતમાં ઠંડીની ધીમી શરૂઆત, આ રાજ્યોમાં બે દિવસ ગાજવીજ સાથે વરસાદ પડશે

તા.૪


આ સાથે જ મહત્તમ તાપમાનમાં પણ એકથી બે ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે. કારતક મહિનાની શરૂઆતથી શિયાળાની શરૂઆત થઈ ગઈ છે. દેશભરમાં શીત લહેર વધવા લાગી છે. દિલ્હીમાં ધુમ્મસની ચાદર છવાઈ ગઈ છે. પર્વતોમાં હિમવર્ષા અને ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડીને લઈને એલર્ટ પણ જારી કરવામાં આવ્યું છે. ભારતીય હવામાન વિભાગ અનુસાર કેરળ અને તમિલનાડુમાં આજે અને આવતીકાલે ભારે વરસાદની સંભાવના છે. આ વરસાદની અસર પુડુચેરી, માહે, કરાઈકલ, આંદામાન નિકોબાર ટાપુઓમાં જોવા મળશે. રવિવારે દિલ્હીમાં મોસમનો પહેલો ધુમ્મસ જોવા મળ્યું હતું, જે આગામી ૩ દિવસ સુધી લોકો માટે મુશ્કેલી બની જશે. હવામાન વિભાગના અપડેટ મુજબ, આજે, આવતીકાલે અને પરમ દિવસે, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ, માહેમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે. ગાજવીજ સાથે વીજળી પડવાની સંભાવના છે. હવામાન વિભાગે તમિલનાડુના કન્યાકુમારી, તિરુનેલવેલી, થૂથુકુડી, તેનકાસી, વિરુધુનગર, થેની, મદુરાઈ, શિવગંગાઈ, રામનાથપુરમ અને ડિંડીગુલ જિલ્લાના રહેવાસીઓને સતર્ક રહેવાની સલાહ આપી છે. ૫ નવેમ્બરના રોજ આંદામાન અને નિકોબાર ટાપુઓ પર છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ પડવાની સંભાવના છે.

દેશના બાકીના રાજ્યોમાં હવામાન ચોખ્ખું રહેશે. આ સપ્તાહમાં ક્યાંય વરસાદની શક્યતા નથી. ગુજરાતી હિન્દુ કેલેન્ડર અનુસાર નવા વર્ષે એટલે કે કારક મહિનાની શરૂઆતથી ઠંડીની શરૂ થાય છે, ત્યારે હવામાન વિભાગ દ્વારા પણ અગાઉ નવેમ્બર માસથી ઠંડીની શરૂઆત થશે તેવી માહિતી પ્રસારિત કરવામાં આવી હતી. જેને પગલે છેલ્લા બે દિવસથી ગુજરાત રાજયના મોટાભાગના જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન સામાન્યથી નજીક પહોંચ્યું છે. તથા છેલ્લા કેટલાક દિવસોની સરખામણીએ દિવસ અને દિવસે લઘુત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. અમદાવાદ સહિતના જિલ્લાઓમાં લઘુત્તમ તાપમાન ઘટતા શિયાળાની શરૂઆત થઈ હોય તેવો અનુભવ શહેરીજનોને થઈ રહ્યો છે. આ સાથે જ મહત્તમ તાપમાનમાં પણ એકથી બે ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૧૫ નવેમ્બર બાદ ઉત્તર ભારતમાં ધુમ્મસના કારણે ઠંડી વધશે. આ અઠવાડિયે ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના પહાડોમાં હિમવર્ષા થવાની સંભાવના છે. આ હિમવર્ષાને કારણે પંજાબ,



હરિયાણા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર, ઝારખંડ જેવા મેદાની રાજ્યોમાં ૧૫ થી ૨૦ નવેમ્બર વચ્ચે ધુમ્મસના કારણે તાપમાનમાં ઘટાડો થશે. લેહ-લદ્દાખમાં હિમવર્ષાને કારણે જમ્મુ-કાશ્મીર પહેલેથી જ ઠંડીની ઝપેટમાં છે. રાજધાની દિલ્હીમાં સ્મોગના કારણે સ્થિતિ દયનીય છે. સવાર-સાંજ ઠંડી વધી છે, પરંતુ દિવાળી પર ફટાકડા ફોડવાથી વાયુ પ્રદૂષણમાં નોંધપાત્ર વધારો થયો છે. રવિવારે દિલ્હીનું મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી નોંધાયું હતું. આ અઠવાડિયે હવામાન સ્વચ્છ રહેશે, પરંતુ ધુમ્મસ દેખાવાનું શરૂ થશે. હવામાન વિભાગે દિલ્હીમાં ૭ નવેમ્બર સુધી ધુમ્મસ અને ધુમ્મસનું એલર્ટ જાહેર કર્યું છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર ઓક્ટોબર મહિનો ૧૨૩ વર્ષ બાદ સૌથી ગરમ મહિનો હતો.ૈંસ્ઙ્ઘના ડાયરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ પોતે આ વાતની પુષ્ટિ કરી છે. તેમણે મીડિયાને જણાવ્યું કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય ન હોવાને કારણે અને બંગાળની ખાડીમાં નીચા દબાણનો વિસ્તાર સક્રિય હોવાને કારણે ઓક્ટોબર મહિનામાં સરેરાશ તાપમાન ૨૬.૯૨ ડિગ્રી નોંધાયું હતું. આ તાપમાન વર્ષ ૧૯૦૧ પછી નોંધાયું હતું અને વર્ષ ૧૯૦૧ પછી વર્ષ ૨૦૨૪નો ઓક્ટોબર સૌથી ગરમ મહિનો હતો.



# અહીંનું જમવાનું ખાઈને મમ્મીની રસોઈ યાદ આવી જાય':ગાંધીનગરમાં 'જીવન પ્રસાદ ઘર' ની ભોજન સેવા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બની








તમામ પ્રકારના દાનમાં અન્નદાનને સૌથી શ્રેષ્ઠ દાન માનવામાં આવે છે. રૂપિયા સહિતના દાનમાં વ્યક્તિની ભુખ ક્યારેય સંતોષાતી નથી. જો કે, ભોજનની ભુખ અન્નથી સંતોષાઈ જાય છે. ત્યારે "ભૂખ કરતા પણ ભૂંડી છે ભીખ" આ વાતને ચરિતાર્થ કરી રહ્યાં છે અમદાવાદના જીવન ચેરિટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી નિલેશભાઈ જાની. જેઓ સાવ ટોકન દરે સ્વચ્છ અને સારી ગુણવત્તાયુક્ત સ્વાદિષ્ટ ભોજન પીરસે છે. ગાંધીનગરમાં તેમણે જીવન પ્રસાદ ઘર નામે શરૂ કરેલી ભોજનની સેવાનો લાભ સરકારી નોકરી મેળવવા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરતા યુવાનો સહિત અનેક નાગરિકો મેળવે છે.એકાદ વર્ષ અગાઉ ગાંધીનગરમાં શરૂ થયેલ જીવન પ્રસાદ ઘર નામે નજીવા ટોકન દરે સ્વચ્છ અને સારી ગુણવત્તાયુક્ત સ્વાદિષ્ટ ભોજનની સેવા ગુજરાતના અલગ અલગ સ્થળોએથી શહેરમાં આવીને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ કરતા વિદ્યાર્થીઓ માટે આશીર્વાદ સમાન બની છે. અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા નિલેશભાઈ જાની એક ખાનગી ટેલિકોમ કંપનીમાં નોકરી કરતા હતા. તેઓ કંપનીના અન્ય સાતેક સહકર્મીઓ સાથે મળીને સમય મળે વિવિધ સેવાકીય પ્રવૃતિઓમાં યોગદાન આપતાં કે કોઈ સંસ્થાના સેવાકાર્યોમાં જોડાતા હતા.એકવાર તેઓ અમદાવાદ આરટીઓ કચેરીએ પોતાનું ડ્રાઈવિંગ લાઈસન્સ રીન્યુ કરાવવા ગયા હતા ત્યારે રીશેષ પડી જવાથી સર્કલ પાસે ઉભા હતા. ત્યારે એક પરિવાર ત્યાં મહેસાણા તરફ જવાની બસની રાહ જોતો બેઠો હતો. જેમાં પિતા સંતાનોને બેસાડીને ઘડીકમાં બસ કે અન્ય વાહન ઉભુ રહે ત્યાં પૂછવા જાય તો ઘડીકમાં નાસ્તાની લારીએ જઈને પૂછીને પાછો આવે પણ ના નાસ્તો ખરીદે કે ના બસમાં બેસે. આ જોઈએ નિલેશભાઈએ સહજ રીતે પુછ્યું તો જાણવા મળ્યું કે તે એક ખેડૂત હતો અને તેઓ સિવિલ હોસ્પિટલમાં કોઈ કામથી ગયા હતા. જેમાં વધુ ખર્ચ થઈ જતા પરત જતા ખિસ્સામાં પૈસા ખૂબ ઓછા વધ્યા હતા. જેનાં કારણે તે કાં તો પરિવારને નાસ્તો કરાવી શકે કા તો બસ ભાડું ખર્ચી શકે. છેવટે નિલેશભાઈ આગ્રહ કરીને તેને પૈસા આપી આ મુશ્કેલીમાંથી બહાર કાઢ્યો પરંતુ ત્યારે નિલેશભાઈને થયું કે આવા સારી પરિસ્થિતિ ધરાવતા નાગરિકોને પણ જમવાના સમયે ભોજન ના મળે તો તકલીફ પડી શકે છે. જેથી સસ્તા દરે સારું ભોજન મળવાની સુવિધા હોવી જોઈએ. આ પછી તેમણે જીવન ચેરિટેબલ ટ્રસ્ટનાં નેજાં હેઠળ ટોકન ભાવે સારું અને સ્વાદિષ્ટ ભોજન મળે તેની સેવા શરૂ કરી જે અત્યારે છેલ્લા ચાર વર્ષથી અમદાવાદ ગોતામાં ગોતેશ્વર એસ્ટેટના નાકે, આરટીઓ સર્કલ પાસે જેલ ભજીયા હાઉસની બાજુમાં, દૂધેશ્વર વિસ્તારમાં સુમેલ-૬ સોસાયટી પાસે અને ઈંક્મટેક્સ ચાર રસ્તા નજીક એસબીઆઈ બેકની બાજુમાં કાર્યરત છે.એજ રીતે ગાંધીનગરમાં પણ એકાદ વર્ષથી સેક્ટર-૬ અપના બજાર , સેકટર - ૨૧ ખાતે પણ નિયમિત "જીવન પ્રસાદ" સેવા શરૂ કરી છે. જે રવિવારે પણ ઉપલબ્ધ હોય છે. અને રવિવારે તેમના ધર્મ પત્ની જયશ્રીબેન ઉપરાંત તેમના બે સંતાનો મતીશ અને મુદ્રા પણ તેમાં જોડાય છે. આજે ગાંધીનગરમાં જીવન પ્રસાદ ઘરનો ૧૫૦૦ થી વધુ લોકો લાભ લઈ રહ્યા છે. રોજના એક લાખ લોકોને ટોકન દરે જમાડવાની ઈચ્છા વ્યક્ત કરી નિલેશ જાનીએ જણાવ્યું કે, સામાન્ય રીતે આપણા સમાજમાં કોઈના ઘરે અવસાન થાય ત્યારે તેના ત્યાં આવેલા સ્નેહીજનો માટે આડોશી- પાડોશીઓ ભોજન સેવા પૂરી પાડીને સમય સાચવી લેતા હોય છે. જોકે કોરોના મહામારીમાં એવી હાલત હતી કે કોઈના ઘરે અવસાન થયું હોય ત્યારે આવી ભોજન સેવા આપવા પણ કોઈ જતું ન હતું તેવા સમયે નિલેશભાઈએ "શ્રદ્ધાંજલિ પ્રસાદ" નામથી ભોજન સેવા શરૂ કરીને જેના ઘરે મરણ પ્રસંગ બન્યો હોય તેને ત્યાં આવેલા ૨૫ વ્યક્તિઓ જમી શકે તેવી ભોજન પૂરું પાડવાની સેવા શરૂ કરી હતી.જીવન ચેરીટેબલ ટ્રસ્ટ અંતર્ગત ચલાવવાથી આ ભોજન સેવા માટે તેમણે ગોતા વિસ્તારમાં પોતાનું કિચન શરૂ કર્યું છે. જ્યાં સંપૂર્ણ સ્વચ્છતા જાળવણી સાથે સારી ગુણવત્તાવાળા અનાજ કરિયાણા અને મિનરલ વોટરનો ઉપયોગ કરીને ભોજન તૈયાર કરવામાં આવે છે. આ કિચનમાં ભોજન રાંધવામાં આવે તે પહેલા દરરોજ જગદીશભાઈ રાવલ નામના એક મહારાજ આવીને જ ત્રણ કલાક સુધી ચંડીપાઠ કરે છે. તેઓ પૂજાનું ગંગાજળ મિનરલ વોટરમાં મિક્સ કરે એ પાણીથી ભોજન રાંધવામાં આવે છે. રસોઈ દરમિયાન કોઈ કર્મચારી અને કિચનમાં માત્ર ગાયત્રી મંત્રનું ઉચ્ચારણ ચાલુ હોય છે. ભોજન તૈયાર થયા બાદ કિચનમાં રાખેલ અન્નપૂર્ણા માતાના મંદિરે આરતી કરવામાં આવે છે. જેમાં રસોઈમાંથી પ્રસાદનો થાળ ધરાવાય છે અને આરતી પત્યા પછી તે થાળ પાછો રસોઈમાં મિક્સ કરી દેવાય છે. આ રીતે તૈયાર કરેલો પ્રસાદ "જીવન પ્રસાદ" તરીકે પીરસવા માટે પહોંચે છે. જ્યાં 'જીવન પ્રસાદ" સેવા આપવામાં આવે છે ત્યાં પણ સ્વચ્છતા જાળવવા સાથે મિનરલ પાણીની સેવા પણ પૂરી પાડવામાં આવે છે.

આ સેવાનો લાભ શ્રમિકો, નિરાધાર બાળકો, ફેરીયાઓ, એકલવાયા વૃદ્ધો, અશક્ત વિકલાંગો ઉપરાંત વટેમાર્ગુઓ , પ્રવાસીઓ, નાના વેપારીઓ, સિક્યુરિટી ગાર્ડ, ટ્રાફિક પોલીસ, નોકરિયાતો અને યુવાનો પણ મેળવે છે. જીવન પ્રસાદ સેવા ઉપરાંત તેઓ રોજગારલક્ષી સહાય, ગૌસેવા અને અબોલ જીવો માટે સેવા તેમજ પ્રકૃતિ સેવાના કર્યો પણ કરે છે.

## 'હેંડો.. હેંડો..લ્યા મોરયાર મેળે, ઘોડાલિયું ઘમકે સે...':મુઘલ સામ્રાજ્યમાં શરૂ થયેલા લોકનૃત્યને થરાદે હજી સાચવી રાખ્યું, ભાઈબીજના અવસરે મેળાઓમાં રમાય છે 'મેરાયો'

બનાસકાંઠા જિલ્લાના વાવ-થરાદ તાલુકાના લોકમેળાઓમાં વર્ષોથી ચાલી આવતી પરંપરા આજે પણ અકબંધ રહી છે. વર્ષોની પરંપરા મુજબ આજે ભાઈબીજના અવસરે મેળામાં લોકનૃત્ય મેરાયો રમવામાં આવી રહ્યું છે. મેળાને નિહાળવા, નકળંગ ભગવાનના દર્શનનો લહાવો લેવા અને મેરાયો જોવા માટે ભારે ભીડ જામે છે. થરાદ તાલુકાના ઝેંટા, લૂણાલ, સવપુરા, મોટીપાવડ, ડોડગામ, વાવના ઉચપા અને સૂઈગામ તાલુકાના લીંબાળા ગામે ભગવાન નકળંગના સાનિધ્યમાં રમવામાં આવે છે.ગુજરાતનાં લોકનૃત્યોમાં મેરાયોનો સમાવેશ થાય છે. આ મેરાયો લોકનૃત્ય થરાદ-વાવના ઠાકોરો (કોળી) સમાજના લોકોનું લોકનૃત્ય છે. આ મેરાયાનો પ્રારંભ વાવ-થરાદમાં મુઘલ સામ્રાજયના સમયમાં થયો હતો. આ સમયે ઠાકોરોએ લોકોમાં જાગૃકતા ફેલાવવાના ઉદ્દેશથી મેરાયો રમવાની શરૂઆત કરી હતી. મેરાયો રમવાથી ગામમાં પ્રજા એકઠી થતી હતી. થોડા વર્ષો બાદ તેને નકળંગ ભગવાનના મંદિરોએ યોજાતા લોકમેળામાં રમવાનું શરૂ કરવામાં આવ્યું હતું.

મેરાયો રમવાની શરૂઆત વાવ તાલુકાના દૈયપ ગામના ઠાકોરોએ કરી હતી. આ મેરાયો નૃત્ય ત્રણ દિવસ સુધી રમવામાં આવતું હતું. દિવાળી અને કારતક સુદ એકમના દિવસે જે-તે ગામમાં અને કારતક સુદ બીજ (ભાઈબીજ)ના રોજ થરાદ-વાવમાં યોજાતા નકળંગ ભગવાનના મેળામાં રમવામાં આવે છે. જેમાં થરાદ તાલુકાના લૂણાલ, સવપુરા, મોટીપાવડ, ઝેંટા, ડોડગામ. જ્યારે વાવ તાલુકના ઉચપા અને સૂઈગામ તાલુકાના લીબાળા ગામે ભરાતા કારતક સુદ બીજના મેળામાં રમવામાં આવે છે. મેરાયાને પ્રાદેશિક ભાષામાં 'મેરાઈયુ' તરીકે ઓળખવામાં આવે છે.મેરાયાનો આકાર ઉપરથી ગોળ હોય છે.



### ન્યુઝ ઓફ ગાંધીનગર.

### ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
### આયોજક : પ્રદીપ રાવલ

આશાઓનો પુનઃ સ્પર્શ,
પુનઃ હૈયે ઉઠ્યો હર્ષ.

કર્યા ગત વર્ષના લેખાજોખા,
મેળવી તક તો ગુમાવ્યા મોકા.
શીખી ઉપયોગી સબક,
ટાઈટ ફિલ્ડિંગમાં કેમ લગાવવા છક્કા.

આંખ ખુલી લઈ શમણાં નવાં,
નવા વર્ષે કોઠે પ્રગટ્યા આશાના દીવા.
ઉમંગ, ઉત્સાહે પહેર્યા ક્લેવર નવાં,
આળસ ને નિરાશા થઈ ગયા હવા.

નામ રોશન કરવાની જાગી આશા,
બદલાઈ છે મારી મહેનતની ભાષા.
કાળજી લઉં છું વિચારોની હવે,
દૂર રાખું છું જોજન હું નિરાશા.

ઉચ્ચતમ સુખી જોવા છે સંતાનો,
સદા રહે એમનો સમય મજાનો.
યશ તેઓ મેળવે ગજાનો,
પરિવારમાં વૃદ્ધિ થઈ આવે એક કાન્હો.

ઈચ્છું છું કે મારી મા રહે તંદુરસ્ત ને સાજી,
ધન્વંતરિ રહે સદા એમના પર રાજી.
ના આવે મારી માને મુજથી નારાજી,
સમજો જીતી હું જીવનની બાજી.

પરિવાર મારો ખીલે, ફૂલે - ફળે,
આફત ના આવે મારે આંગણે.
સહુના આશિષ અમને મળે,
સપનાં અમારી પેઢીઓના ફળે.

અલકા નવિનચંદ્ર મહેતા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG N0. 0059**

વિષય નવું વર્ષ
પ્રકાર પધ્ય
શિર્ષક ઉગે રોજ સુવર્ણ પ્રભાત.
શબ્દ ૧૩૫
લેખક જયકાન્ત ઘેલાણી ★પ્યારે★
ઊગે રોજ સુવર્ણ પ્રભાત
પ્યારે પ્રભુ પાર્થૂ હુ,તને
ઊગે રોજ સુવર્ણ પ્રભાત

મિટાવી દે તૂ રાજા રંક ના ભેદ
ને ઉડાવી દે નાત જાત ના
છેદ
પ્યારે પ્રભૂ પાર્થૂ હૂં તને
ઊગે રોજ સૂવર્ણ પ્રભાત
ઊગે રોજ સૂવર્ણ પ્રભાત

રામ રહીમના ભેદ મિટાવી
સાચી સમજણ દે પ્રભૂ તૂ અમને સાચી સમજણ દે

માનવ મનમા રાષ્ટ્ર પ્રેમની
ભાવના જાગૃત કર
પ્રભૂ તૂ રાષ્ટ્ર પ્રેમની ભાવના જાગૃત કર

ઊગે રોજ સૂવર્ણ પ્રભાત
પ્યારે, પ્રભૂ ઊગે રોજ સૂવર્ણ પ્રભાત ,,,

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS :170**

વિષયઃ નવું વર્ષ
પ્રકાર : પદ્ય
કુલ શબ્દોઃ ૧૦૯(નીચે નામ એડ્રેસ સાથે)
શિર્ષકઃ વીતી જતી ક્ષણો...

એક એક સંબંધો યાદ કરી પત્ની ગોઠવે છે ઠેકાણે,
કેટલાંય અભરાઈ પર એમ જ ધૂળ ખાતાં ઠેકાણે!

કરચલીવાળા સંબંધો પર ઈસ્ત્રી ફેરવી'તી ગત વર્ષે,
અડીખમ રહ્યા તે બચ્યા બાકી છે તેમના તેમ ફરસે!

પ્રેમના પોષણ છતાં કેમ મુરઝાઈ છે પોતીકાઓ?
ખાલી ખુરશીઓ રડાવી; યાદ તાજી કરી જાય છે.

પાલવથી આંખ અને નાક પોંછતા મેં જોઈ છે,
પત્નીને પરિવારની ચિંતા કરતા રો'તા જોઈ છે.

રાતે સૂતી વખતે એક પ્રશ્ન વછૂટ્યો'તો મારી તરફ,
પંખીને પાંખ ઉડવા કે પછી ઉડી જવા મળી હશે!

વળી, વહેલી પરોઢે સજી ધજી તૈયાર રહેતી કહેતી,
સાલમુબારક ,સંબંધોના અથાણાં દિલમાં ભરતી !

- વિનયકુમાર મહેતા. બારડોલી.
- (મ.શિ.)દાંતી માધ્યમિક શાળા દાંતી. જી. નવસારી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**

વિષય - નવું વર્ષ,આશાનાં કિરણ
શીર્ષક - નવ પ્રભાત
શબ્દ સંખ્યા - ૪૦
.. આશાનું કિરણ એ તો
સ્વપ્નની ટેકરી
પરથી આવવું વાસ્તવિકતિની સુંદર સફર..!

અંધારાના મારગડા પર ચાલવાનું પ્રથમ ડગલું આતો...!

કર્મ કર્યા વિના આશાને પકડવી ને સફળતાના માર્ગ પર પ્રયાણ કરવું ..!

વાસ્તવિકતાની ખીણોમાંથી બેઠાં થવુંને કુદરતને દોષ ના દેતાં નિરાકરણ
એટલે કે આશાનું કિરણ તરફ પ્રયાણ કરવું...!

રાગિની શુક્લ "રાગ" મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO -169**

વિષય - નવું વર્ષ : આશાનાં કિરણો.
શીર્ષક - સ્નેહનો સેતુ બાંધજો
શબ્દો -૮૫

નવલું વર્ષ આવ્યું, અઢળક આશાનાં કિરણો લાવ્યું,
રાખજો સમભાવ સૌ સાથે, વેરઝેર સઘળા ભૂલીને.

પ્રગટાવી આશાનો દીપક, સ્નેહનો સેતુ બાંધજો,
દિવાળી ટાણે એકમેક પ્રત્યે લાગણી જતાવીને.

હોય અંતર તો કાપજો, હૃદયમાં પ્રેમ રાખજો,
પ્રગટે ક્રોધ તો રાખજો દિલના ખૂણે બરાબર દાબીને.

નથી કશું અશક્ય, માફ કરી કાં માફી માંગી લેજો,
માનવ અવતાર સફળ કરી લેજો ભૂલો સુધારીને.

આપ્યું જીવન શ્રેષ્ઠ નિર્માતા ઈશ! જીવમાં શિવ જોજો,
જીવન ઝગમગ કરજો, સત્કર્મો તણું ભાથું લઈને.

★લતાબેન ચૌહાણ.."સોનવેલ" (ગોધરા)★

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.